


**O**n the spiritual path each step forward is a conquest and the result of a fight.

With my blessings

5 September1954 - The Mother

**આ**ધ્યાત્મિકતાના માર્ગ ઉપર આગળ મૂકેલું દરેક પગલું એક યુદ્ધના પરિણામે મેળવેલી એક જીત છે.

મારા આશીર્વાદ સાથે

૫ સપ્ટેમ્બર ૧૯૫૪ - શ્રી માતાજી




**T**he victory is to the
most enduring.

With my blessings

6 September1954 - The Mother

**પ**રમ વિજય એને માટે છે
જે સૌથી વધુ સહન કરે છે.

મારા આશીર્વાદ સાથે

૬ સપ્ટેમ્બર ૧૯૫૪ - શ્રી માતાજી

From: DakshinaKaryalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● May 2020
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2020
MAY
Spiritual Path: આધ્યાત્મિક માર્ગ
- દીક્ષા - સાધના - રૂપાંતર -




**L**et us advance always, without stopping, towards an always more complete manifestation, an always more complete and higher consciousness.

With my blessings

31 August 1954 - The Mother

**આ**પણે નિરંતર આગળ વધતા રહીએ, અટક્યા વિના, એક સતત વધુ ને વધુ સંપૂર્ણ આવિર્ભાવ તરફ, એક વધુ ને વધુ સંપૂર્ણ અને ઊર્ધ્વ ચેતના તરફ.

મારા આશીર્વાદ સાથે

૩૧ ઓગસ્ટ ૧૯૫૪ - શ્રી માતાજી

# દીક્ષા - સાધના - રૂપાંતર

પહેર્યે કપડે, તારી સમક્ષ આવી ઊભો ને તેં દીક્ષા દીધી. મારૂં બધુંય મૂક બની આવાક નજરે તને નીરખી જ રહ્યું અને તેં ઉરના ઊંડાણે અજબ રીતે વાસ જમાવી કામ શરૂ કર્યું.

કશું જ ક્યાંય ત્યજવાનું તેં કહ્યું નહિ. ન તો કાંઈ ઉપદેશ દીધો, ન તો કાંઈ મંત્ર ભણાવ્યો. ના કશું ત્યજાવ્યું કે ના કશા અનુરોધ સૂચવ્યા. માત્ર નીરખ્યા જ કર્યું. અને તારૂં અમી વર્ષાવ્યા કર્યું.

તારૂં કાર્ય ભીતરના ઊંડાણે ફૂલી ફાલ્યું ત્યારે સંસારી સંસારી ન રહી શક્યો. મન, પ્રાણ, શરીર હોવા છતાં નહોતાં બની રહ્યાં. ગર્વ ને દર્પ બધાં જ ધોવાઈ રહ્યાં. અહંકાર ક્યાંય વિલોપાઈ ગયો. મારી ચેતનાનું આમૂલ પરિવર્તન કરી, ઓ મહાકુશળ મા કરુણામયી! તારા આશ્લેષમાં સમાવી લઇ, બંધનમાત્રમાંથી તેં મને મુક્ત કર્યો.

- આપાજી

હું જન્મ્યો છું તારે માટે ને તારો બનીને જ ઝંપીશ...

હું જીવું છું તારો જય જયકાર કરવા ને તારો જય જયકાર કરીને જ જીવન સાર્થક કરીશ.

મારૂં સર્વસ્વ તારૂં જ છે, મા! તુંથી એને સભર ભરો, મા!

તવ શ્રી ચરણે એક કોરા કાગળની જેમ હું તો આવી ઊભો છું, મા !
તારો શબ્દ, તારો આદેશ, તારી ઈચ્છા, ત્યાં વ્યક્ત કરો, મા !

કરુણામયી !... આનંદમયી ! સત્યમયી ! હે મા મીરાં... સદા સર્વદા તારો... તારી ઈચ્છાનો જય જયકાર થાવ... વિના વિલંબે, અવિરત... ચિરકાળ...

જય હો મા ! તારો જય જયકાર થાવ.

- આપાજી

મારા અંતરના વૃંદાવને, તારી સમક્ષ આવી સ્થિર થાઉં છું ત્યારે તારા સ્મિતે અપાર વહાલ ઊભરાતું હોય છે, મા !... ને મારાં નયને આવી વસેલ મારા આત્માને નીરખતી તું મારા ઊંડાણોમાં ઊતરી જાય છે, મા !

અને ત્યાં જુગજૂનાં સંસ્કાર, કાળના કાંપ, થર પર થર બની જામેલા નીરખે છે ...

એક મધુર કરુણાથી તું દ્રવે છે, મા ! તારાં સર્વ બાળકની મુક્તિ શુદ્ધિ માટે... માંદલા જગતના મંદવાડ કાજે... અને કામનાના મળ, અહંકારની શિલાઓ, અવિદ્યાનાં આવરણો બધું જ હઠાવી... હણી તું અમને તારા મીઠા આશ્લેષમાં સમાવતી, રૂપાંતરિત કરતી તારાં વીર, ધીર, પવિત્ર, દાસાનુદાસ બાળક બનાવી દે છે, મા!

જય હો મા ! તારો જય જયકાર થાવ !

- આપાજી

**(કંડિકાઓ)**